રાજ્ય સરકારની પનોતી ?

ધનંજય મુંડેનું પ્રેમ પ્રકરણ

મુખ્ય પ્રધાન પણ સંપત્તિ મામલે વિવાદમાં

નવાબ મલિકના જમાઈનું ડ્રગ્સ પ્રકરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહાવિકાસ આઘાડી સરકારે શપથ લીધા તેના ત્રણ-ચાર મહિનામાં કોરોનાની મહામારીએ પગપેસારો કર્યો અને દેશમાં મહારાષ્ટ્ર સૌથી વધારે કોરોનાગ્રસ્ત રાજ્ય સાબિત થયું. લૉકડાઉન, આર્થિક ભીંસ ખેડૂતોની સમસ્યા અને કેન્દ્ર સરકાર સાથેના વિવાદો વચ્ચે સરકારને ૨૮મી નવેમ્બરે એક વર્ષ પૂરું થયું. છેલ્લા બે મહિનાથી કોરોનાની તીવ્રતા ઓછી થતાં અને વેક્સિનને મંજૂરી મળી જતા રાજ્ય સરકારે રાહતનો શ્વાસ લીધો ત્યાં જ વિવિધ વિવાદો વચ્ચે સરકાર ફરી ઘેરાતી જાય છે અને વિરોધપક્ષ તરીકે ભાજપ આક્રમક બની રહી છે. ગયા અઠવાડિયે ભૂતપૂર્વ સાંસદ કિરીટ સોમૈયાએ મુખ્ય પ્રધાન અને શિવસેના પક્ષપ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ વિધાન પરિષદ ચૂંટણી સમયે દાખલ કરેલા સોગંદનામામાં અમુક સંપત્તિનો ઉલ્લેખ નથી કર્યો તેવી ફરિયાદ ચૂંટણી આયોગને કરી હતી. સોમૈયાના આક્ષેપ અનુસાર ઠાકરેનાં પત્ની રશ્મિ ઠાકરેના નામે અલીબાગમાં રૂ. પાંચ કરોડનો બંગલો છે અને આનો ઉલ્લેખ તેમણે સોગંદનામામાં કર્યો નથી. મંગળવારે કેબિનેટ પ્રધાન અને એનસીપીના નેતા ધનંજય મુંડે વિરુદ્ધ ઓશિવારા ખાતે એક મહિલાએ જાતીય શોષણનો આક્ષેપ કરતી પોલીસ ફરિયાદ કરી હતી. તેની ફરિયાદ બાદ મુંડેએ સોશિયલ મીડિયા પર માહિતી આપી હતી, પરંતુ (જુઓ પાનું ૪) ▸▸

મુંબઈને મળ્યો ૧.૩૯ લાખ કોવિશિલ્ડ વેક્સિનનો ડોઝ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોરોનાને માત આપવા ઑક્સફર્ડ કોવિડ-૧૯ની કોવિશિલ્ડ વેક્સિનનો ૧.૩૯ લાખ ડોઝનો જથ્થો બુધવારે સવારના મુંબઈમાં દાખલ થયો હોવાનું મુંબઈ મહાનગરપાલિકાએ જાહેર કર્યું હતું. વહેલી સવારના ૫.૩૦વાગે પુણેની સિરમ ઈન્સ્ટિટ્યૂટથી પૂરતા પોલીસ બંદોબસ્ત વચ્ચે લાવવામાં આવેલી વેક્સિનને કાંજુરમાર્ગનું કોલ્ડ સ્ટોરેજ હજી સુધી તૈયાર ન હોવાથી પરેલ સ્થિત પાલિકાની એફ-દક્ષિણ વોર્ડની ઑફિસમાં આવેલા કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવી છે. દરરોજ ૧૪ હજાર ૪૦૦ લોકોને વેક્સિન આપવામાં આવવાની છે, જેમાં પહેલા તબક્કામાં સવા લાખ આરોગ્ય (જુઓ પાનું ૪) ▸▸

૧૫ જાન્યુઆરીએ ડ્રાય રન

મુંબઈમાં ૧૬ જાન્યુઆરીથી વેક્સિન આપવામાં આવવાની છે, તે અગાઉ વેક્સિનનો સ્ટોક તમામ વેક્સિનેશન સેન્ટરમાં મોકલવામાં આવશે. તેમ જ જે સેન્ટરમાં ડ્રાય રન થઈ નથી ત્યાં ૧૫ જાન્યુઆરીના ડ્રાય રન યોજવામાં આવવાની છે.

કાંજુરમાર્ગ જમ્બો કોલ્ડ સ્ટોરેજનું કામ અધૂરું

પાલિકાની કાંજુરમાર્ગમાં આવેલી ઑફિસના પહેલા માળે બનાવવામાં આવેલા કોલ્ડ સ્ટોરેજનું કામ હજી અધૂરું છે. કામમાં હજી થોડા દિવસનો સમય લાગવાનો છે. અહીં ૫૦ લાખ વેક્સિનનો સંગ્રહ કરી શકાય તેટલી તેની ક્ષમતા છે. તેથી બુધવારે પરેલ સ્થિત એફ-દક્ષિણ વોર્ડની ઑફિસના ગ્રાઉન્ડ ફ્લોરમાં કોલ્ડ સ્ટોરેજમાં વેક્સિનને રાખવામાં આવી હતી. ■

કોરોનાઃ રાજ્ય-શહેરમાં મોતનો આંકડો ફરી વધ્યો

▸ રાજ્યમાં ૭૦, મુંબઈમાં ૧૨નાં મૃત્યુ, ૩૫૫૬ નવા કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં કોરોનાના નવા ૩,૫૫૬ કેસ અને ૭૦ મૃત્યુ નોંધાયા હતા. મુંબઈમાં પણ ૧૨ મૃત્યુ નોંધાયા હતા. અગાઉ આ આંકડો દસની અંદર રહેતો હતો. આ સાથે મુંબઈના ધારાવીમાં ૧૧, દાદરમાં ૧૨ અને માહિમમાં ૧૦ નવા કેસ નોંધાયા હતા. સાજા થઈને જનારા દરદીઓની સંખ્યા ૩,૦૦૯ નોંધાઈ હોવાનું આરોગ્ય ખાતાએ જણાવ્યું હતું. રાજ્યમાં મૃત્યુ પર કાબૂ મેળવી શકાતો નથી. રાજ્યનો મૃત્યાંક ૨.૫૪ ટકા છે અને પોઝિટિવિટી રેટ ૧૪.૫૮ ટકા છે. રાજ્યનો રિકવરી રેટ ૯૪.૫૭ ટકા છે. મુંબઈમાં બુધવારે ૬૭૫ નવા કેસ નોંધાયા હતા અને બાર મૃત્યુ થયા હતા. છેલ્લાં ઘણા સમયથી મુંબઈનો મૃત્યાંક સાત-આઠ આસપાસ રહેતો હતો. રાજ્યનો કુલ મૃત્યાંક ૫૦,૨૨૧ અને મુંબઈનો ૧૧,૨૧૨ છે. મુંબઈ ઉપરાંત પુણે ડિવિઝન અને નાગપુર ડિવિઝનમાં પણ બાર મૃત્યુ નોંધાયા હતા. ■

ધનંજય મુંડે શરદ પવારને મળવા દોડ્યા

મુંબઈ ખાતે મહિલાએ કરેલા આક્ષેપો બાદ વિવાદમાં સપડાયેલા ધનંજય મુંડે પક્ષના અધ્યક્ષ શરદ પવારને મળ્યા હતા અને તેમની સાથે લાંબી ચર્ચા થઈ હતી. જોકે બન્ને વચ્ચે શું વાત થઈ અને પવારે તેમને શું સલાહ આપી તે અંગે કોઈ માહિતી મળી નથી. તેમના કેબિનેટના સાથી અને મહારાષ્ટ્ર ના એનસીપીના પ્રદેશાધ્યક્ષ જયંત પાટીલે આ તેમનો કૌટુંબિક મામલો છે તેમ કહી વાત વાળી લીધી હતી. જોકે, મુંડે પર જાતીય શોષણનો આક્ષેપ છે અને તે ઘણો ગંભીર છે. મુંડે જયંત પાટીલ ઉપરાંત પક્ષના નેતા છગન ભુજબળને પણ મળ્યા હતા. ૨૦૦૩થી એક મહિલા સાથે સંબંધ હોવાનો અને તેમના સંબંધોથી બે સંતાનો હોવાનો ખુલાસો તેમણે સોશિયલ મીડિયા પર કર્યો હતો. આ મહિલાની બહેને મુંડે પર શોષણનો આક્ષેપ કર્યો હતો અને આ મામલો હવે રાજકીય રંગ પકડી રહ્યો છે. વળી, મુંડેના જણાવ્યા અનુસાર તેમના આ સંબંધોની જાણ તેમના પત્ની અને પરિવારને છે ત્યારે એનસીપી સહિત તમામ રાજકીય પક્ષોના તેમના મિત્રોને પણ હશે, તેવો ગણગણાટ મંત્રાલયમાં થઈ રહ્યો હતો. ■

ભંડારા હૉસ્પિટલમાં આગ

રાજ્યપાલે મૃત બાળકોના સ્વજનને ₹ બે લાખ આપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશિયારી ભંડારા ખાતે હૉસ્પિટલમાં લાગેલી આગમાં મૃત્યુ પામેલા નવજાત બાળકોના પરિવારજનોને મળ્યા હતા અને તેમણે દરેકને રૂ. બે લાખની મદદ જાહેર કરી હતી. ભંડારા ખાતે દસ નવજાત મૃત્યુ પામ્યા હતા અને આ ઘટનાએ સૌને હચમચાવી દીધા હતા. તેમણે હૉસ્પિટલની પણ મુલાકાત લીધી હતી અને ઘટનાને દુઃખદ જણાવી હતી. આ સાથે ભવિષ્યમાં આવી ઘટના ન ઘટે તેની તકેદારી રાખવા જણાવ્યું હતું. તેઓ બચી ગયેલા સાત બાળકોના માતાને પણ મળ્યા હતા. ■

વેક્સિન આપવામાં કેન્દ્ર તરફથી રાજ્યને અન્યાય! આરોગ્ય પ્રધાનનો આરોપ

▸ રાજ્યને ૧૭.૫ લાખની જરૂર પણ મળી માત્ર ૯.૮૩ લાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારને અત્યાર સુધીમાં કેન્દ્ર તરફથી ૯.૮૩ લાખ વેક્સિન મળી છે જ્યારે પહેલા તબક્કામાં રાજ્યને ૧૭.૫ લાખ વેક્સિનની જરૂર હોવાનું આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેએ જણાવ્યું હતું. રાજ્યને કોવિશિલ્ડ તરફથી ૯.૬૩ લાખ અને ભારત બાયોટેક તરફથી ૨૦,૦૦૦ વેક્સિન મળી હોવાનું ટોપેએ જણાવ્યું હતું. રાજ્યમાં આઠ લાખ આરોગ્યકર્મી છે અને તેમને ચાર અઠવાડિયાના અંતર વચ્ચે બે વાર વેક્સિન આપવાની છે. મહારાષ્ટ્રને પહેલા તબક્કા માટે ૧૭.૫૦ લાખ વેક્સિનની જરૂર છે. દસ ટકા બગાડ થવાની શક્યતાને ધ્યાનમાં લઈ અમને થોડી વધારે વેક્સિનની જરૂર છે. કેન્દ્રએ રાજ્ય સરકારને ૫૧૧માંથી ૩૫૦ જ વેક્સિન સેન્ટર કાર્યરત કરવા જણાવ્યું છે, જેથી અન્ય મેડિકલ ઈમરજન્સી પર ધ્યાન આપી શકાય. આથી હવે રાજ્યમાં દિવસદીઠ ૩૫૮ વેક્સિન સેન્ટરમાં વેક્સિન આપવામાં આવશે, તેમ ટોપેએ જણાવ્યું હતું. આમાં મુંબઈના ૫૦ અને પુણેના ૩૯ સેન્ટરનો પણ સમાવેશ થાય છે. ■

છોટા રાજનનો જન્મદિવસ ઉજવતો વીડિયો વાયરલ

થાણેઃ અંડરવર્લ્ડ ડોન છોટા રાજનનો જન્મદિવસ ૫ ડિસેમ્બરે હોય છે, પણ તેના કેટલાક સમર્થકો છે જેઓ ૧૩ જાન્યુઆરીએ રાજનનો જન્મદિવસ ઉજવે છે. રાજનના જન્મદિવસ નિમિત્તે કેક કાપતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ વીડિયોમાં ભારતના નકશાના આકારનો કેક તૈયાર કરવામાં આવ્યો હોવાનું નજરે પડે છે અને તેના પર રાજનનો ફોટો છે. ગુનેગારી ઇતિહાસ ધરાવતા દીપક સપકે અને તેના કેટલાક સાથીદાર કેક કાપતા નજરે પડે છે. આ વીડિયો ક્યારનો છે તે જાણી શકાયું નથી પણ તે ચર્ચાનો વિષય બન્યો છે. છોટા રાજનના જન્મદિવસ નિમિત્તે થાણેમાં ગડકરી રંગાયતન સામેના બસસ્ટોપ પર પણ બેનર લગાવાયું હોવાનું કહેવાય છે. છોટા રાજન વિરુદ્ધ અનેક ગુના નોંધાયેલા હોઇ ૨૦૦૫માં તેની ઇન્ડોનેશિયામાં ધરપકડ કરવામાં આવી હતી. ■

સોનુ સૂદ પાસે હોટલ ચલાવવાનું લાઇસન્સ નથીઃ બીએમસી

મુંબઇઃ બીએમસીએ મુંબઇ હાઇ કોર્ટને બુધવારે અભિનેતા સોનુ સુદની પાલિકાને એની મિલકતને તોડફોડ કરવા પર રોક લગાવવાની અરજીને ફગાવી દેવા જણાવ્યું હતું અને કહ્યું હતું કે અગાઉ પણ સોનુના બિલ્ડિંગમાં ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવ્યા હતા. તેની પાસે ત્યાં હોટેલ ચલાવવાનું કોઇ લાઇસન્સ નથી. સોનુએ આ બધી વાતો છુપાવી છે.

ડિંડોશી સિવિલ કોર્ટે જૂહુ વિસ્તારમાં આવેલા સોનુના બિલ્ડિંગના ગેરકાયદે બાંધકામ સામે બીએમસીને કાર્યવાહી કરતા અટકાવવાની ના પાડી દીધા બાદ સોનુએ હાઇ કોર્ટમાં અરજી કરી હતી.

બીએમસીએ આક્ષેપ કર્યો છે કે સોનુએ રહેણાંક મકાનના છ માળને પરવાનગી વિના હોટેલમાં રૂપાંતરિત કરી દીધા છે, જે પાલિકાના ધ્યાનમાં આવતા તેમણે ઑક્ટોબર, ૨૦૨૦માં ડિમોલિશન નોટિસ જારી કરી હતી. એભિનેતાએ છ માળ પર ૨૪ રૂમ બનાવ્યા છે. તેને નંબર આપ્યા છે અને મહેમાનો આ રૂમમાં રોકાયા હોવાનું પણ જાણવા મળ્યું છે.

અભિનેતાના વકીલે દલીલ કરી હતી કે બિલ્ડિંગમાં માત્ર બ્યુટિફિકેશનનું જ કામ કરવામાં આવ્યું છે, જેની માટે બીએમસીની પરવાનગીની જરૂર નથી. અભિનેતાએ ખાનગી બૅંક પાસે મિલકતને ગિરવે રાખી છે અને સામાજિક કામ માટે આ ભંડોળનો ઉપયોગ કર્યો છે.

ગયા વર્ષે સોનુએ સ્થળાંતરિત મજૂરોને મદદ કરવા બદલ ભારે પ્રશંસા મેળવી હતી.

કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે અને ટૂંક સમયમાં પોતાનો નિર્ણય જાહેર કરશે. ■

સોનુ સૂદ પવારના શરણે!

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અભિનેતા સોનુ સૂદે મુંબઈ ખાતે એનસીપી ચીફ શરદ પવારની મુલાકાત લીધી હતી. મુલાકાતનું કારણ સ્પષ્ટ જાણવા મળ્યું ન હતું, પરંતુ તાજેતરમાં અભિનેતા પાલિકાની નોટિસને લીધે વિવાદમાં સપડાયો છે. સોનુની જુહુ ખાતેની છ માળીય હોટેલ રહેણાંક ઈમારત છે અને તેણે જરૂરી પરવાનગી લીધા વિના તેને હોટેલમાં ફેરવી નાખી છે તેથી તેની સામે પોલીસ એફઆઈઆરની માગણી પાલિકાએ કરી હતી. આ મામલે સોનુને હાલમાં કોર્ટે રાહત આપી છે. મુંબઈમાં શિવસેનાની મહાનગરપાલિકામાં સત્તા છે અને અભિનેતા સામે અગાઉ પણ આવી ફરિયાદ થઈ છે. તાજેતરમાં લૉકડાઉન દરમિયાન સ્થળાંતરિતોને મદદ કરવા બદલ સોનુ સૌની નજરમાં આવ્યો હતો અને શિવસેનાએ તેની ટીકા પણ કરી હતી. તે સમયે અભિનેતાએ શિવસેના પક્ષપ્રમુખ અને મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેની મુલાકાત લીધી હતી. હવે સોનુ શરદ પવારને મળ્યો હતો ત્યારે આ મુલાકાતે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ■

જુદા જુદા ઍજ્યુકેશન બોર્ડને પરીક્ષા લેવાની પાલિકાએ આપી મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોરોનાને પગલે ચાલુ શૈક્ષણિક વર્ષમાં સ્કૂલ-કૉલેજના અભ્યાસને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે અને હવે પરીક્ષાઓનો સમય નજીક આવી ગયો છે, ત્યારે પાલિકા પ્રશાસને સ્ટેટ, નેશનલ અને ઈન્ટરનેશનલ ઍજ્યુકેશન બોર્ડને કોરાના નિયમનો ધ્યાનમાં રાખીને તેમના શેડ્યુલ મુજબ ફીઝીકલી પરીક્ષા લેવાની મંજૂરી આપી છે.

કોરોનાની બીજી લહેરના ડરના પગલે મુંબઈ મહાનગરપાલિકાએ ગયા મહિને સ્કૂલ તથા કૉલેજ ચાલુ કરવાનું ૧૫ જાન્યુઆરી સુધી મુલતવી રાખ્યું હતું. જોકે હવે કોરોના નિયંત્રણમાં આવ્યો છે અને પરીક્ષાનો સમય પણ નજીક આવ્યો હોઈ વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને પાલિકાએ મંગળવારે મોડી રાતે પરિપત્ર બહાર પાડીને જુદા જુદા બોર્ડને તેમના નિયત સમયે પરીક્ષા લેવાની મંજૂરી આપી હતી. શૈક્ષણિક બોર્ડ ૧૮ જાન્યુઆરી બાદ તેમના શેડ્યુલ મુજબ પરીક્ષાનું આયોજન કરી શકશે.

પાલિકાએ બહાર પાડેલા આદેશ મુજબ ઈન્ટરનેશનલ સ્કૂલ્સ અસોસિયેશન (કેમ્બ્રિજ બોર્ડ) નવમાથી બારમા ધોરણ સુધીની પ્રિલિમિનરી તથા પહેલાથી નક્કી હોય તે (જુઓ પાનું ૪) ▸▸

એક જ દિવસમાં મુંબઈમાં ૭૦ કાગડા-કબૂતરનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત થાણેમાં બર્ડ ફ્લૂએ આંતક મચાવ્યો છે. બુધવારના એક જ દિવસમાં ૭૦ કાગડા અને કબૂતર મૃત્યુ પામ્યા હોવાથી ફરિયાદ પાલિકાના ડિઝાસ્ટર કંટ્રોલમાં નોંધાઈ હતી.

બર્ડ ફ્લૂના કેસ મુંબઈમાં નોંધાયા બાદ રસ્તા પર કોઈ પણ પક્ષી મરીને પડ્યું હોય તો તેને હાથ લગાવવો નહીં અને આવા પક્ષીની માહિતી પાલિકાના ડિઝાસ્ટર કંટ્રોલને ૧૯૧૬ નંબરની હેલ્પલાઈન પર કરવાની અપીલ કરવામાં આવ્યા બાદ મોટી સંખ્યામાં ફરિયાદો આ નંબર પર આવી રહી છે. બુધવારે દિવસભરમાં કોલાબા, બોરીવલી, કાંદિવલી, મલાડ, અંધેરી, દાદર, પ્રભાદેવી, વડાલા, માટુંગા, સાયન, માનખુર્દ, ચેંબુર, ગોવંડી, ચંદનવાડી જેવા વિસ્તારમાં કાગડા અને કબૂતર મૃત્યુ પામ્યા હોવાની ફરિયાદો આવી હતી.

પાલિકાના ઘનકચરા વિભાગ અને રાજ્યના પશુસંવર્ધન વિભાગના માધ્યમથી મૃત પક્ષીઓનો નિકાલ કરવામાં આવી રહ્યો હોવાનું પાલિકાએ જણાવ્યું હતું.

આ દરમિયાન થાણે જિલ્લાના કલેક્ટર રાજેશ નાર્વેકરે વન ખાતાને વેટલેન્ડ પર આવતા સ્થળાંતરિત પક્ષીઓ પર નજર રાખવાનું કહ્યું છે. બર્ડ ફ્લૂ પરિસ્થિતિ પર નજર રાખવા માટે જિલ્લા માટે સાત રેપિડ રિસ્પોન્સ ટીમ બનાવવામાં આવી છે. ■

જાહ્નવી કુકરેજા હત્યાકેસ

જાતીય હુમલો થયો નહોતો, શરીર પર ઈજાના ૪૮ નિશાન

મુંબઈઃ ખારમાં થર્ટીફર્સ્ટની પાર્ટી દરમિયાન વિવાદ થયા બાદ મૃત્યુ પામેલી હ્યુમન સાઇકોલોજીની વિદ્યાર્થિની જાહ્નવી કુકરેજા (૧૯) પર જાતીય હુમલો થવાના કોઇ પણ નિશાન મળ્યા નથી, પણ જાહ્નવીના શરીર પર ઇજાના ૪૮ નિશાન મળ્યા હોવાનું ફાઇનલ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું.

ખાર પશ્ચિમમાં ભગવતી હાઇટ્સ બિલ્ડિંગના ભોંયતળિયે જાહ્નવી કુકરેજાનો મૃતદેહ લોહીલુહાણ હાલતમાં મળી આવ્યો હતો. અહીં ૩૧ ડિસેમ્બરે રાતે યોજાયેલી પાર્ટીમાં જાહ્નવી તેની મિત્ર દિયા પાડણકર (૧૮) અને શ્રી જોગધનકર (૨૩) સાથે ગઇ હતી. જાહ્નવીની હત્યાના કેસમાં શ્રી અને દિયાની ધરપકડ કરવામાં આવી હતી.બાંદ્રા કોર્ટે મંગળવારે બંનેની કસ્ટડી ૧૪ જાન્યુઆરી સુધી લંબાવી હતી.

૩૧ ડિસેમ્બરે મોડી રાતે જોગધનકર ઇમારતમાંથી બહાર નીકળ્યો હતો અને તેણે ખારના ૧૪મા રોડથી લગભગ ૧.૬ કિ.મી. દૂર લિંકિંગ રોડથી ટેક્સી પકડી હતી. વડાલાના જીટીબીનગર પહોંચ્યા બાદ તે સાયન હોસ્પિટલમાં ગયો હતો. તે ઘાયલ હતો, પણ તેને ઇજા કઇ રીતે થઇ તે જાણતો નહોતો. જોગધનકર અને દિયાને સામસામે રાખીને પૂછપરછ કરાતાં બંને અલગ-અલગ જવાબ આપી રહ્યા છે. આથી પોલીસ હવે ટેક્સીચાલકની શોધ ચલાવી રહી છે.

દરમિયાન ફોરેન્સિક નિષ્ણાતોની ટીમ અને ખાર પોલીસે રવિવારે ઘટનાસ્થળે જઇને ક્રાઇમ સીન રિક્રિયેટ કર્યું હતું, તેમ છતાં કેસમાં ઘણી બધી કડીઓ ખૂટી રહી છે. હત્યાનો ચોક્કસ હેતુ હજી સ્થાપિત થયો નથી. પોલીસે સાયન હોસ્પિટલમાં જોગધનકરની સારવાર કરનાર ડૉક્ટરની પણ પૂછપરછ કરી હતી. જોગધનકરે પોતાને અકસ્માતમાં ઇજા થઇ હોવાનું ડૉક્ટરને જણાવ્યું હતું. ■

ડ્રગ્સ કેસઃ મુચ્છડ પાનવાલા શોપના સહ-માલિકને જામીન મળ્યા

મુંબઈઃ નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી) દ્વારા ડ્રગ્સના કેસમાં ધરપકડ કરાયેલા ફેમસ મુચ્છડ પાનવાલા શોપના સહ-માલિક રામકુમાર તિવારીના કોર્ટે જામીન મંજૂર કર્યા હતા. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટે બુધવારે રૂ. પંદર હજારના કેશ બોન્ડ પર રામકુમાર તિવારીના જામીન મંજૂર કર્યા હતા. દરમિયાન રાજ્યના પ્રધાન નવાબ મલિકના જમાઈ સમીર ખાનની ડ્રગ્સના કેસમાં એનસીબી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

એનસીબીએ ગાંજાના સ્મગલિંગનું રેકેટ પકડી પાડીને ખાર અને બાંદ્રા વિસ્તારમાંથી ૨૦૦ કિલો ગાંજો જપ્ત કર્યો હતો અને બ્રિટિશ નાગરિક કરણ સેજવાની સહિત ત્રણ જણની ધરપકડ કરી હતી. તપાસમાં તિવારીનું નામ સામે આવ્યા બાદ એનસીબીની ટીમે ૧૧ જાન્યુઆરીએ કલાકો સુધી તેની પૂછપરછ કરી હતી. ૧૨ જાન્યુઆરીએ તિવારીની ધરપકડ કરવામાં આવી હતી અને કોર્ટે તેને જ્યુડિશિયલ કસ્ટડી ફટકારી હતી. (પીટીઆઇ)■

કોરોનાગ્રસ્ત અને ક્વૉરન્ટાઇન હોય એવા લોકો માટે મત આપવાની ખાસ સુવિધા

▸ મતદાન પૂર્ણ થયાના અડધો કલાક પહેલા મત આપી શકાશેઃ ચૂંટણી અધિકારી

મુંબઇઃ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે કોરોનાનો ચેપ લાગ્યો હોય અથવા ક્વૉરન્ટાઇન હોય એવા લોકો વોટિંગ ખતમ થયાના અડધો કલાક પહેલા તેમને વોટ કરવાની સુવિધા આપવામાં આવશે, એવું ચૂંટણી અધિકારીએ બુધવારે જણાવ્યું હતું.

ગ્રામ પંચાયતની ચૂંટણી ૧૫ જાન્યુઆરીના છે ત્યારે સ્ટેટ ઇલેક્શન કમિશનર યુપીએસ મદાને બુધવારે આ અંગે નિવેદન આપ્યું હતું. ગઢચિરોલી અને ગોંદિયા જિલ્લાની ચાર તહેસીલ સિવાય રાજ્યમાં ગ્રામ પંચાયતની ચૂંટણીનું વોટિંગ સવારે ૭.૩૦થી સાંજે ૫.૩૦ દરમિયાન કરવામાં આવશે. તમામ મતદાન કેન્દ્રો પર થર્મલ સ્કેનર રાખવામાં આવશે અને તમામ મતદાતાઓનું વોટિંગ પહેલા થર્મલ સ્કેનિંગ કરવામાં આવશે. જે લોકો કોરોનાગ્રસ્ત અથવા ક્વૉરન્ટાઇન તેમ જ કન્ટેઇનમેન્ટ ઝોનના હશે તો તેમનું બે વાર થર્મલ સ્કેનિંગ કરવામાં આવશે અને જેનું તાપમાન વધુ હોય તેમને ખાસ એક ટોકન આપવામાં આવશે અને મતદાન પૂર્ણ થયાના અડધો કલાક પહેલા તેમને મત આપી શકે છે, એવું ચૂંટણી અધિકારીએ વધુમાં જણાવ્યું હતું. ચૂંટણીના એક દિવસ પહેલા મતદાન કેન્દ્રોને સેનિટાઇઝ કરવામાં આવશે. ■

ગેરકાયદે ઇમારતોના કેસની સુનાવણી માટે ટ્રિબ્યૂનલ બનાવોઃ હાઇ કોર્ટ

મુંબઇઃ મુંબઇ હાઇ કોર્ટે ગેરકાયદે ઇમારતોના કેસોની સુનાવણી માટે મહારાષ્ટ્ર સરકારને ટ્રિબ્યુનલની રચના કરવા બુધવારે સૂચન કર્યું હતું જેથી આવી ઇમારતો સામે સમયસર પગલાં લઇ શકાય અને બિલ્ડિંગ તૂટી પડવા જેવા અનિચ્છનીય બનાવોથી બચી શકાય.

ન્યાયમૂર્તિ દિપાંકર દત્તા અને ન્યાયમૂર્તિ જી. એસ. કુલકર્ણીની ખંડપીઠે સપ્ટેમ્બર ૨૦૨૦માં ભિવંડી ખાતે એક મકાન ધરાશાયી થતા ૩૮ લોકોનાં મૃત્યુ થયાં બાદ સુઓ-મોટો એટલે કે સ્વેચ્છાએ દાખલ કરેલી જાહેર હિતની અરજીની સુનાવણી કરતી વખતે ઉપરોક્ત સૂચન કર્યું હતું.

હાઇ કોર્ટે તે સમયે મહારાષ્ટ્ર સરકાર અને તમામ નાગરિક સંસ્થાઓને નિર્દેશ આપ્યો હતો કે તેઓ તેમના સંબંધિત વિસ્તારોમાં ગેરકાયદે બાંધકામો પર નજર રાખવા માટે લેવામાં આવતા પગલાંઓ વિશે માહિતી આપે. જોકે, બુધવારે કોર્ટે નોંધ્યું હતું કે આવા ગેરકાયદે બાંધકામ પર નજર રાખવાની મહાનગરપાલિકાઓની ઇચ્છા જણાતી નથી. (પીટીઆઇ)■

મસ્જિદ બંદર-મલાડથી ₹ ૭૦ લાખનું ડ્રગ્સ જપ્તઃ ત્રણની ધરપકડ

મુંબઈઃ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે મલાડ વિસ્તારમાંથી રૂ. ૩૦ લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે રીઢા આરોપીને ઝડપી પાડ્યો હતો, જ્યારે એન્ટિ નાર્કોટિક્સ સેલે (એએનસી) મસ્જિદ બંદર પૂર્વમાં વાડીબંદરથી બે જણને તાબામાં લઇને રૂ. ૪૦ લાખનું ચરસ જપ્ત કર્યું હતું.

એએનસીના આઝાદ મેદાન યુનિટે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ ધર્મેન્દ્ર રાજેન્દ્ર મિશ્રા (૪૨) અને રાહુલ દશરથલાલ શર્મા (૨૪) તરીકે થઇ હોઇ કોર્ટે તેમને પોલીસ કસ્ટડી ફટકારી હતી.

એએનસીનો સ્ટાફ રવિવારે મસ્જિદ બંદર પૂર્વમાં વાડીબંદર ખાતે પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે તેમની નજર આરોપી ધર્મેન્દ્ર મિશ્રા પર પડી હતી, જે રાહુલ શર્માને કપડાની થેલી આપી રહ્યો હતો. એએનસીના સ્ટાફને શંકા જતાં તેમણે બંનેને તાબામાં લીધા હતા. દરમિયાન થેલીની તલાશી લેવાતાં તેમાંથી ૧ કિલો ૨૦૦ ગ્રામ ચરસ મળી આવ્યું હતું. આ પ્રકરણે બંને વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરવામાં આવી હતી. ધર્મેન્દ્ર મિશ્રા કુર્લામાં, જ્યારે રાહુલ શર્મા ધારાવી વિસ્તારમાં રહે છે. ■

"MUMBAI SAMACHAR" newspaper (Periodicity-Daily) Printed and Published at their press "Mumbai Samachar" by Meherwanji Rustomji Cama at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708. on behalf of the owners The Bombay Samachar Pvt. Ltd. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**